
હરિઃ ૐ આશ્રમ પ્રેરિત

# હોંકારો

કરસનદાસ લુહાર



ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ

હરિઃ ૐ આશ્રમ પ્રેરિત

શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા : પુસ્તક બેંતાળીસમું

# હોંકારો

કરસનદાસ લુહાર

ગુજરાતી સાહિત્ય પરિષદ

ગોવર્ધન ભવન, આશ્રમ માર્ગ, નદીકિનારે

અમદાવાદ ૩૮૦ ૦૦૯

# શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા

શ્રી હરિ:ૐ આશ્રમ તરફથી બાળકોનું ચારિત્ર્યઘડતર કરે તેવાં બાલસાહિત્યના સર્જન માટે ગુજરાતી સાહિત્ય પરિષદને રૂપિયા ૧૨,૦૦૦નું દાન આપવામાં આવ્યું છે. બાળકોમાં અભય, ઔદાર્ય, ત્યાગ, ધર્મ, તિતિક્ષા, સહાયવૃત્તિ, મતાંતરક્ષમા, સાહસ, શૌર્ય, પ્રેમ, સદ્દભાવ જેવા ઉદાત્ત ગુણો અને ભાવનાઓ પ્રેરે તેવા બાલસાહિત્યનું સર્જન કરવાનો આનો હેતુ છે. આ ઉદ્દેશને પ્રગટ કરતાં ચરિત્રો, વાર્તાઓ, નાટિકાઓ અને કથાકાવ્યો ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રકટ કરવામાં આવ્યાં છે. ૧૯૬૭થી શરૂ થયેલી આ ગ્રંથમાળાનું આ બેંતાળીસમું પ્રકાશન શિશુકાવ્યોનું છે. શ્રી કરસનદાસ લુહારનાં આ શિશુકાવ્યો બાળકો જરૂર હોંશે હોંશે વાંચશે અને ગાશે.

ગુજરાતનાં બાળકોએ અગાઉ અમારાં પ્રકાશનોને જે રીતે આવકાર્યાં છે તે રીતે આ શિશુકાવ્યોને પણ આવકારશે તેવી અમને શ્રદ્ધા છે.

મંત્રીઓ

તા. ૫-૭-'૮૫ ગુજરાતી સાહિત્ય પરિષદ

□

કરસનદાસ લુહાર

# હોંકારો

# અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. | બદામડી | ૯ |
| ૨. | ખેતરનો ચાડિયો | ૧૦ |
| ૩. | દાદાજી, હવે— | ૧૧ |
| ૪. | ભમરડો | ૧૩ |
| ૫. | અમે | ૧૪ |
| ૬. | ધમાચકરડી | ૧૫ |
| ૭. | સૂરજ | ૧૬ |
| ૮. | કાલાં ફાટયાં | ૧૭ |
| ૯. | ચકીબેન | ૧૮ |
| ૧૦. | દીવો | ૧૯ |
| ૧૧. | લીલોછંમ ઝઘડો | ૨૦ |
| ૧૨. | આભના એ ચાંદલા ! | ૨૧ |
| ૧૩. | કેવી મઝા | ૨૨ |
| ૧૪. | રાત | ૨૩ |
| ૧૫. | પહેલા નંબરનો ભોટ | ૨૪ |
| ૧૬. | આવે | ૨૬ |
| ૧૭. | ફૂટે | ૨૭ |
| ૧૮. | વાદળ-કાગળ | ૨૮ |
| ૧૯. | વાયરો | ૨૯ |
| ૨૦. | કાચિંડો | ૩૧ |


□

# હોંકારો

મસમોટાં થોથાંના જંગલમાં
પપ્પા તો
કાયમના ખોવાયેલા
રસોડું, વાસણ અને કપડાં સિવાયની
વાતોમાં મમ્મી મૂંગી જ નહિ,
બહેરી પણ.
ટીનુને તો બસ
એના એ જ ભેંકડા
મારે વાર્તા સાંભળવી છે
પણ કહે કોણ ?
અને હું જો કહેવા બેસું તો
સાંભળેય કોણ ?

□

આ કાવ્યો

– 'રમકડું,' 'બાલજીવન,' 'બાલમસ્તી,' 'બુલબુલ,' 'બાલમિત્ર',

'કવિલોક,' 'લોકલહરી,' 'વિશ્રામ,' 'રચના'–ના શિશુઅંકો

અને

'ગુજરાતમિત્ર,' 'નૂતન ગુજરાત,' 'ફૂલછાબ'–ના

બાલવિભાગો

તદુપરાંત

'વાહભાઈ વાહ,' 'બાલવિકાસ' જેવા સંકલનોમાં

પ્રગટ થઈ ચૂકેલાં છે.

□

# બદામડી

ફળિયામાં ફાટ ફાટ ફોરી બદામડી !
ખાટું મીઠું કાંઈ મહોરી બદામડી !
માથું અંકાશમાં ને મૂળિયાં પતાળમાં,
આધી આધી ને કાંઈ ઓરી બદામડી !
વરસે સૂરજ પછી વરસે છે વાદળાં,
ભીની ભીની ને તોય કોરી બદામડી !
મધરાતે ઝબકી બાને પૂછું છું :
આંખમાંથી કોણે બા ! ચોરી બદામડી ?

# ખેતરનો ચાડિયો

ચાલો, જોવા જઈએ ભઈલા!
ખોટ્ટેખોટું માણસ,
ખેતર વચ્ચે ઊભું કીધું
ખેડૂતે આ ફારસ!
એની બીકે આઘાં રહેતાં પંખીડાંનાં ટોળાં,
એની ગોફણમાંથી છૂટે જાણે મોટા ગોળા.
ખોટુંકલા માણસનું કેવું
સાચુંકલું છે સાહસ!
ચાલો૦

આંખો તાણી ઊભો રહેતો,
બેસે ના પગ વાળી;
નકલી રૂવાબ રાખી કરતો
ખેતરની રખવાળી!
બિરદાવો બા'દુરી એની
કરશો મા હસાહસ!
ચાલો, જોવા જઈએ ભઈલા!
ખોટ્ટેખોટું માણસ!

# દાદાજી, હવે –

હંકારો વારતાનાં વહાણ !
દાદાજી, હવે હંકારો વારતાનાં વહાણ....
કાંઠે બેસીને ભલે હોંકારો ભણશું પણ
હોંકારે લોઢલોઢ તાણ !
દાદાજી, હવે હંકારો વારતાનાં વહાણ !
રૂપેરી માથાપર ફેરવી લો હાથ
અને મધમીઠો ખોંખારો ખાઈ લ્યો;
હુક્કાના મારી લો ગુડગુડ બે ઘૂંટ
ઉપર ઝળહળતું ઝીણું મલકાઈ લ્યો !
રંગેચંગે પછી કરવાં છે આપણે
પરીઓને દેશ પરિયાણ....
દાદાજી, હવે હંકારો વારતાનાં વહાણ !
પાંચીકો મંતરીને પહાડ કરી દેનારી
બોલ્લાવો જાદૂગર ડોશી,
દેડકાથી બ્હીતા પણ વાઘની જ ડંફાશો
મારનાર ક્યાં છે મિયાં ફોશી ?
અગડમ બગડમ ભણી તડ અને ફડ કરે
જોયા વિણ હાથ ટીડા જોશી !
— એને ખવડાવો બિરબલની ખીચડી

કે દેખાડો રંગલાનાં રૂડાં કમઠાણ....
દાદાજી, હવે હંકારો વારતાનાં વહાણ !

તમ્મારા વહાણમાં તો સોનાનો મ્હેલ
અને મ્હેલમાં છે રાજાની કુંવરી !
કુંવરીની આંખોમાં દુધિયું તળાવ
એમાં નહાવાને પરીઓ કૈં ઊતરી !
આઘેરો દેશ એક ઓરો આવે છે –
કરી પાંખાળા ઘોડલે પલાણ....

દાદાજી, હવે હંકારો વારતાનાં વહાણ !
એક વાર દાદા ! જો હાથ ચડી જાય
ઓલ્યા બાબરાની ફગફગતી ચોટલી !
"ઘટાટોપ આંબાનાં જંગલ ઊગાડ અલ્યા,
વાવ્યા વિના રે કોઈ ગોટલી !"
—એવો હુકમ એને દઈશું દાદા,
'ને પછી લૂંટીશું દેરીઓની લ્હાણ....
દાદાજી, હવે હંકારો વારતાનાં વહાણ !

# ભમરડો

ફેરી છાકમછોળ ભમરડો
ટીનફૂડું ચગડોળ ભમરડો.
પૃથ્વી ફરતી ગોળ-ભમરડો
શીખવતો ભૂગોળ ભમરડો.
આર જડેલો, જાળીવીંટયો
લે, છૂટયો વંટોળ ભમરડો.
એક પગે અણિયાળું વાંકુ-
-ચૂંકુ દોડે ગોળ ભમરડો.
ભમ્મર ચક્કર છમ્મ હથેળી
ઘૂઘવતો તરબોળ ભમરડો.

# અમે

ફૂલોમાં હાથ અમે બોળ્યા હો ભાઈબંધ,
ફૂલોમાં હાથ અમે બોળ્યા રે લોલ !
આંખોમાં રંગ અમે ધોળ્યા હો ભાઈબંધ
આંખોમાં રંગ અમે ધોળ્યા રે લોલ !
ઊડતાં પતંગિયે બૂડયા હો ભાઈબંધ,
ઊડતાં પતંગિયે બૂડયા રે લોલ !
રંગો પહેરીને પછી ઊડયાં હો ભાઈબંધ,
રંગો પહેરીને અમે ઊડયા રે લોલ !
તડકાનાં નીર અમે ડહોળ્યાં હો ભાઈબંધ,
તડકાનાં નીર અમે ડહોળ્યાં રે લોલ !
વાયરાનાં ચીરને ઝબોળ્યાં હો ભાઈબંધ !
વાયરાનાં ચીર અમે ચોળ્યાં રે લોલ !
ઝરમરતાં વાદળાં ઓઢયાં હો ભાઈબંધ,
ઝરમર આકાશ અમે ઓઢયાં રે લોલ !
લીલી તળાઈ અમે પોઢયા હો ભાઈબંધ,
લીલી તળાઈ અમે પોઢયા રે લોલ !
પંખીને કાન અમે દીધા હો ભાઈબંધ,
પંખીને કાન અમે દીધા રે લોલ !
ટહુકાઓ કાન ભરી પીધા હો ભાઈબંધ
પીછાંઓ આંખ ભરી લીધાં રે લોલ !

# ધમાચકરડી

પીયૂષ, ટીનુ, વિસ્મયભાઈ
ધમાચકરડી કરતા કાંઈ!
ત્યાંથી અહિયાં, અહીંથી ક્યાંય
દોડાદોડી કરતા જાય!
પપ્પાનું પહેરે જાકિટ
મમ્મીનું ખોળે પાકિટ
દાદીમાની દાબડી
લે દાદાની લાકડી
ખુલ્લું પુસ્તક વચ્ચે પેન
ટીનુ, વિસ્મય કરતા વેન.
ત્યાં તો આવ્યાં બિલ્લીબાઈ
ધમાચકરડી ભાઈ! ભાઈ!
સરખે સરખા ચારે
ધમાલ કીધી ભારે
કબાટ કેરો ફોડયો કાચ,
પપ્પા આવ્યા સાચોસાચ.
બિલ્લીબાઈ તો નાઠાં જાય
પણ આ ત્રિપુટી ક્યાં સંતાય?

# સૂરજ

કેમ કરીને અડકો સૂરજ
ભર બપોરે ભડકો સૂરજ
કાળાં-ધોળાં વાદળ સંગે
રમતો અડકો દડકો સૂરજ.
અંધારાંને ના'વે ઊંઘ,
માથે મોટો ફડકો સૂરજ.
સૂરજમુખાની પાંખડીઓ,
તડકો તડકો તડકો સૂરજ.
સાવ ખાલી આકાશ અને આ
કડકો બાલૂસ કડકો સૂરજ.
ઘુવડની ઘેરાતી આંખો
ઉપર સૂએ થડકો સૂરજ.

# કાલાં ફાટચાં

ખેતર ધોળું ધોળું જુઓ : કાલાં ફાટચાં ?
નકરા રૂની તળાઈ સૂઓ; કાલાં ફાટચાં !
નીકે ધોળું ખળખળ ખળખળે,
ક્યારા ધોળા ઝળહળ ઝળહળ !
ઊભરાયો છે કોઈ કૂવો, કાલાં ફાટચાં !
દેખો રૂના ઢગલે ઢગલા,
ખેતર ચણતા જાણે બગલા
આંખે આંજ્યું કાજળ ધૂઓ; કાલાં ફાટચાં !
હવે હવામાં ઊડે પોલ,
ચલ્લીનાં ટોળાંઓ લોલ !
ધીરા ધીરા વાગે ઢોલ
આભેથી શું પડતો ચૂવો : કાલાં ફાટચાં !

# ચકીબેન

ચકીબેન ભણવા આવ્યાં નિશાળમાં !
ચકીબેન ભણવા આવ્યાં જી રે !
ચકીબેન ચણવા આવ્યાં રે આંગણે
ચકીબેન ચણવા આવ્યાં જી રે !
ચકીબેન કાચને ઠોલે રે ચાંચથી
ચકીબેન કાચને ઠોલે જી રે !
તોયે ના કાચ કાંઈ બોલે રે ભાઈ!
જુઓ તોયે ના કાચ બોલે જી રે !
ચકીબેન ધૂળમાં ન્હાતાં રે ધૂળધૂળ
ચકીબેન ધૂળમાં ન્હાતાં જી રે !
ચકીબેન ચકચક ગાતાં રે ગીત
કેવું ચકીબેન ચકચક ગાતાં જી રે !
ચકીબેન ઝાંઝરી પહેરવાને કો'ક દી
ચકીબેન ઝાંઝરી માગે જી રે !
નાનકડી ટીનુ શાં લાગે ચકીબેન
નાનકડી ટીનુ બસ લાગે જી રે !
ચકીબેન ખીચડી રાંધે ચકાભાઈ !
ચકીબેન ખીચડી રાંધે જી રે !
ચકીબેન ઝભલું સાંધે ચકાભાઈ !
ચકીબેન ઝભલું સાંધે જી રે !

# દીવો

ગોખે બેસીને ટમટમતો આ દીવો !
માડી ! મને બહુ ગમતો આ દીવો !
બળતું બળતું બા ! જીવે રે દીવો !
અંધારાનું ઝેર પીવે રે દીવો !
તેજ તેજ તોરણિયાં બાંધે રે દીવો !
પડછાયા સંગ મને સાંધે રે દીવો !
નાનો સૂરજ મારા ઘરના ગગનનો !
છૂપો મલકાટ બહેન ! તારા તે મનનો !
સૂરજ-ચાંદો બેય દીવા છે જોડિયા !
નવલખ તારાનાં ઝળહળતાં કોડિયાં !
કાળાં અંધારાંના કિલ્લાઓ તોડિયા !
માડી, મને બહુ ગમતો આ દીવો !

# લીલોછંમ ઝઘડો

શેઢા સાથે લડતું ખેતર,
કંપે આખો વગડો!
પંખી જોવા ટોળે વળતાં
છંમ લીલેરો ઝઘડો.
ખેતર કહે : "શેઢાએ રૂંધ્યું
મારું પહોળું હસવું,
સાંકડય દૂંપો શ્વાસો મારા
મારે આઘું ખસવું.
પણ આ ચારેકોરથી રસ્તો
રોકી બેઠો તગડો!"
શેઢા સાથે લડતું ખેતર
કંપે આખો વગડો....
ખેતર પર ખિજાતો શેઢો
લીલી ગાળો ભાંડે :
"જોઈ લઉં હું કેમ કરી
તું આગળ પગલાં માંડે?"
ચાડિયો સમજાવે બેઉને :
"આમ તમે ના બગડો."
પંખી જોવા ટોળે વળતાં
છંમ લીલેરો ઝઘડો.

# આભના એ ચાંદલા

આભલા એ ચાંદલા !
એ ચાંદલા !
તું ધરતી પર કાં ના'વે રે ?
આભેથી આખી દુનિયા પર
અજવાળાં વરસાવે રે....
આભના એ ચાંદલા૦

રંગ બેરંગી વાદળ સાથે
રમવું તુંને ફાવે,
ઘડી દેખાતો, ઘડી છુપાતો
સૌને તું ભરમાવે રે....
આભના એ ચાંદલા૦

તને સલામો કરતી શાને–
તારલયાની ટોળી ?
નીચે તારી વાટ જુએ છે
ધરવી બિચારી ભોળી રે....
આભના એ ચાંદલા૦

# કેવી મઝા !

કેવી મઝા ! કેવી મઝા ! બંદા પંખીને કેવી મઝા !
કેવી મઝા ! કેવી મઝા ! વાદળમાં ઊડવાની કેવી મઝા !
કેવી મઝા ! કેવી મઝા ! પાંદડાંમાં બૂડવાની કેવી મઝા !
કેવી મઝા ! કેવી મઝા ! ઠૂંઠાં પર ડોલવાની કેવી મઝા !
કેવી મઝા ! કેવી મઝા ! ચાડિયાને ડોલવાની કેવી મઝા !
કેવી મઝા ! કેવી મઝા ! અંકાશે નાહવાની કેવી મઝા !
કેવી મઝા ! કેવી મઝા ! ડાળો પર ગાવાની કેવી મઝા !
કેવી મઝા ! કેવી મઝા ! પંખીડું થાવાની કેવી મઝા !

# રાત

સાપણ છાનીમાની સરકી
ગોખે બેઠી, દીવે મરકી
સૂરજ જેવો સૂરજ ભરખી
તારાની ટોળીમાં હરખી.
કાળું કાળું સંધુય કાળું
કાળી કાબર કેવું ચરકી !
ધોળા દી'એ કદી ન આવે,
ઘુવડ થાકયું બરકી બરકી
ફૂક....રે ફૂક લઈ ઊડી ગઈ.
કૂકડાની કલગીમાં ફરકી.

# પહેલા નંબરનો ભોટ

પહેલા નંબરનો ભોટ !
આ બંદો પહેલા નંબરનો ભોટ !
બા બોલે કંઈક, આપણા રામ સમજે કંઈક,
પપ્પા કહે બીજું ને બંદા સૂણે ત્રીજું
થાતા ભારે ગોટ !
આ બંદો પહેલા નંબરનો ભોટ !
બા કહેતી : 'બચ્ચુ, ચાલને જમવા.'
હું એમ સમજ્યો ? ચાલને રમવા !
પપ્પા બોલે : 'અલ્યા, વાંચવા માંડ હવે.'
મેં સાંભળ્યું : અલ્યા, નાચવા માંડ હવે !
કરતો દોટમદોટ !
આ બંદો પહેલા નંબરનો ભોટ !
સાહેબ કહેતાઃ 'મોઢે કવિતા બોલી નાખ.'
હું સમજ્યો કે : બારી ખોલી નાખ.
કાકાનો કનુ કહે : 'ચાલ જઈએ ફરવા.'
હું પૂછતો કે કયાં જશું મરવા ?
અક્કલની ચપટી છે ખોટ
આ બંદો પહેલા નંબરનો ભોટ !
દાદા બરાડતાં : 'લાવ, મારી લાકડી.'

ગોતીને આપું હું દાદાને પાઘડી !
દાદીમા કહે : ' મને દાબલી ગોતી આપ.'
સમજયો હું તો ભાઈ ! બાબલી ગોતી આપ.
ચંપલને પહેરતો હાથમાં
ને હું પગમાં મૂકતો કોટ !
આ બંદો પહેલા નંબરનો ભોટ !

# આવે

'અચ્ચર આવે કુચ્ચર આવે'
ઊડતા ઊડતા પત્તર આવે
ફૂલ બનીને પથ્થર આવે
છાંયાનું લઈ છત્તરે આવે.
તડકો અત્તર બત્તર આવે
મચ્છર આવે ખચ્ચર આવે.
આંખ મીંચું ત્યાં ચક્કર આવે
પોલું પોલું નક્કર આવે.

# ફૂટે !

પહાડો તૂટે કંકર ફૂટે
આંગળીઓમાં અક્ષર ફૂટે
વાદળ ઝરમર ઝરમર ફૂટે
હિમનું સંગે-મરમર ફૂટે
ફૂલગુલાબી ફરફર ફૂટે
સૂકાં પાંદે ખરખર ફૂટે
તકતો તરવર તરવર ફૂટે
કરચે-કરચો કરકર ફૂટે

# વાદળ-કાગળ

આગળ લખ્યું
પાછળ લખ્યું
સાવ કોરા
કાગળ લખ્યું
દરિયામાં લેખણ
બોળીને—
કાળાં ધોળાં
વાદળ લખ્યું.

આગળ વાંચ્યું
પાછળ વાંચ્યું
સાવ કોરા
કાગળ વાંચ્યું
તડકાનાં ચશ્માં
પહેરીને—
કાળાં ધોળાં
વાદળ વાંચ્યું

# વાયરો

ઓતરાદે ખંડથી આવ્યો કે, વાયરો ઊડયો મેદાનમાં !
ધૂળની ડમરીઓ લાવ્યો કે, વાયરો ઊડયો વેરાનમાં !

તોફાન મચાવતો
ને વગડો ગજાવતો
રાજાનો કુંવર ફટાયો ક વાયરો ઊડયો મેદાનમાં !

ગોળ ગોળ ઘૂમતો
કે આકાશે ચડતો
વાદળના વનમાં વાયો કે, વાયરો ઊડયો વેરાનમાં !

ઊનાં આંધણ એનાં
અંગ ના કળાતાં
સૂરજની આગમાં શેકાયો કે, વાયરો ઊડયો મેદાનમાં !

સમદર ઓળંગ્યાં
ને ડુંગરડા ઠેકયા
ખીણને ખોળે છૂપાયો કે, વાયરો ઊડયો વેરાનમાં !

સરવર રંજોટે
તલાવડીઓ ખોટે
નદિયુંનાં નીરમાં ન્હાયો કે, વાયરો ઊડયો મેદાનમાં !

સૂકેલાં પાદડાં
પાડતો ફરફર.
શેરીને ચોકમાં
ચૂપચાપ સરસર
ઝાડવેથી હેઠો ઝિંકાયો કે, વાયરો ઊડયો વેરાનમાં !

# કાચિંડો

લાલ ગુલાબી કાચિંડો!
રંગ રૂવાબી કાચિંડો!
લીલો પીળો કાચિંડો!
તડકો શીળો કાચિંડો!
ડોક ફૂલાવે કાચિંડો!
પેટ હલાવે કાચિંડો!
રંગ ઊડાડે કાચિંડો!
ફૂલ ઊગાડે કાચિંડો!
કાચિડામાં કાચિંડો!
આંખ બૂડાડે કાચિંડો!
રંગ બદલતો કાચિંડો!
ઢંગ બદલતો કાચિંડો!
જંગ બદલતો કાચિંડો!
કાચિંડાની ફરકે આંખ!
કાચિંડાની મરકે આંખ!
કાચિંડાને ક્યાં છે પાંખ?
કાચિંડો જો ફૂટે પાંખ!
કાચિંડો તો ઊડે આભ!
ડોલે ચાલે કાચિંડો!

ફૂલે ફાલે કાચિંડો !
રંગે મ્હાલે કાચિંડો !
ઝીલે ઝાલે કાચિંડો !
ડોલ કાચિંડા ઝિંદાબાદ !
બોલ કાચિંડા ઝિંદાબાદ !
કાચિંડા તું કેવું ફૂલ !
કાચિંડા, શું તારું મૂલ !
આવ, કાચિંડા ! અહીં !
રંગ નવા છલકાવ અહીં !
કાચિંડો રે કાચિંડો !
કાચિંડો તો કાચિંડો !